# રાજ્યમાં ૪૦.૬૩ ટકાનો હાઈએસ્ટ રિકવરી રેટ

## રાજ્યમાં અત્યાર સુધીમાં નોંધાયેલા ૯૯૩૨ કોરોના પોઝિટિવ કેસની સામે કુલ ૪૦૩૫ દર્દી સારવાર મેળવી સ્વસ્થ થયા : આરોગ્ય વિભાગની કર્તવ્યનિષ્ઠા અને સેવાપરાયણતાની પ્રશંસા કરતાં દર્દીઓ થાકતા નથી

ગાંધીનગર, તા.૧૫

આજે સમગ્ર વિશ્વ પર જ્યારે કોરોનાની મહામારી કહેર બનીને ત્રાટકી છે, ત્યારે ગુજરાતમાં પણ કોરોના સંક્રમિતોની દિન-પ્રતિદિન વધતી સંખ્યા ખરેખર જ ચિંતાજનક ગણાય એ સ્વાભાવિક છે, પરંતુ રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા સમયોચિત પગલાં, જિલ્લાવાર ઊભી કરાયેલી સ્પેશિયલ કોવિડ ડેડિકેટેડ હોસ્પિટલ્સ અને આ તમામ સ્થળે કોરોના સામે લડતાં ફ્રન્ટલાઈન કોરોના વૉરિયર્સ એવા આરોગ્ય વિભાગના કર્મચારીઓની અથાક મહેનતના ફળરૂપે આજે ગુજરાત ૪૦.૬૩ ટકા જેટલો હાઈએસ્ટ કોરોના રિકવરી રેટ હાંસલ કરી શક્યું છે. જે સમગ્ર દેશ જ નહીં, સમગ્ર વિશ્વના રિકવરી રેટની સરખામણીએ વધારે છે.

અત્યાર સુધીમાં રાજ્યમાં નોંધાયેલા કુલ ૯૯૩૨ કોરોના પોઝિટિવ કેસની સામે કુલ ૪૦૩૫ દર્દી કોરોનાની સારવાર મેળવીને સ્વસ્થ થયા છે, એટલે કે આ રિકવરી રેટ લગભગ ૪૦.૬૩ ટકા જેટલો ઊંચો થવા જાય છે. માત્ર છેલ્લા ૨૪ કલાકના આંકડા પર નજર કરીએ, તોપણ ૩૪૦ નવા પોઝિટિવ કેસની સામે ૨૮૨ દર્દીઓ સંપૂર્ણ સ્વસ્થ થયા છે. જ્યારે રાજ્યભરમાંથી અત્યાર સુધી કરવામાં આવેલા કુલ ૧,૨૭,૮૫૯ ટેસ્ટ્સની સામે ૧,૧૭,૯૨૭ ટેસ્ટ્સ નેગેટિવ આવ્યા છે, તેમ આ અંગેની વિગતો આપતાં આરોગ્ય અગ્રસચિવ શ્રીમતિ જયંતી રવિએ જણાવ્યું હતું. અને આ શક્ય બન્યું છે, આરોગ્ય વિભાગના કર્મવીરોની સેવા, નિષ્ઠા અને પ્રામાણિકતા થકી, જેમની ઉમદા કામગીરીની પ્રશંસા કરતાં કોરોનામાંથી સ્વસ્થ થયેલા દર્દીઓ થાકતાં નથી. જેમાં કેન્સર પીડિતો, સગર્ભાઓ અને માસૂમ બાળકો પણ છે. ચાલો, જાણીએ આવા કેટલાક દર્દીઓના અનુભવો વિશેપ સૌ પ્રથમ વાત કરીએ કલોલ ગામે રહેતાં ૬૩ વર્ષીય હીરાબેનની. કેન્સરના દર્દી એવાં હીરાબેન અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબો અને આરોગ્યકર્મીઓ દ્વારા તેમની કરવામાં આવેલી સેવાની વાત કરતાં ભાવુક થઈ જાય છે. આંતરડાના કેન્સરથી પીડાતાં હીરાબેનને એકાએક સારવારની જરૂર પડતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યાં હતાં, પરંતુ છેલ્લા કેટલાક દિવસથી તેમને સતત તાવ રહેતો હોઈ, તબીબોએ કોરોનાનો ટેસ્ટ પણ કરાવ્યો. જે પોઝિટિવ આવતા, હીરાબેનને કોરોનાના દર્દીઓ માટે ઊભી કરવામાં આવેલી વિશેષ કોવિડ ડેડિકેટેડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં. અહીં સારવાર મેળવીને સ્વસ્થ થઈ જતાં તેમને રજા આપવામાં આવી, ત્યારે આંખોમાં હર્ષાશ્રુ સાથે શું લાગણી હતી હીરાબેનની, તેમના જ શબ્દોમાં 'આ પહેલાં હું અહીં આવી, ત્યારે આટલી સુવિધાઓ નહોતી. આજે ખૂબ બધી સુવિધાઓ વધી ગઈ છે. હોસ્પિટલના તમામ સ્ટાફ, નર્સ ડૉક્ટરો બધાની કામગીરી કાબિલેદાદ છે. અહીં મારી સાથે ઘરનું તો બીજું કોણ હોય? પણ હોસ્પિટલના તમામ લોકોએ ખૂબ લાગણીસભર રીતે ધ્યાન રાખ્યું. જમવાથી લઈને તમામ સુવિધાઓ ખૂબ સારી છે. આ બધાના સહકાર, સમર્પણની કદર કરું છું. ખરેખર, તેમના લીધે જ હું આજે કોરોનામુક્ત બની છું.'

બીજી તરફ, કોરોનામાંથી સ્વસ્થ થનારાં અન્ય એક દર્દી મૃદુલાબેન પોપટ અત્યંત ગદગદ સ્વરે જણાવે છે કે, તેમનાં બેન ધર્મિષ્ઠાબેન જામનગરથી તેમનું ન્યૂરોનું ઑપરેશન કરાવવા માટે અમદાવાદ આવ્યાં હતાં, જ્યાં તેઓ સંક્રમિત થતાં તેમની સારવારમાં રહેલાં મૃદુલાબેન તેમજ તેમના ભાઈ દિલીપભાઈનો કોરોના ટેસ્ટ પણ પોઝિટિવ આવ્યો. જોકે, અહીં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અમારી ખૂબ સારી રીતે સારવાર કરવામાં આવી. તમામ ડૉક્ટર્સ, નર્સ કે અન્ય કર્મચારીઓએ કોઈ પણ પ્રકારના અણગમા વિના અત્યંત ખંતપૂર્વક, જુસ્સાભેર, જરા પણ ડર વિના અને એકદમ પારિવારિક લાગણીથી અમારી સૂશ્રુષા કરવાની સાથે હૂંફ પણ આપી. ગમે તેવા મોટા ડૉક્ટર હોય, તેઓ પણ દરરોજ અમારી પાસે આવીને અમારી ખબર પૂછી જતાં. આજે સ્વસ્થ થઈને ઘરે પરત જઈએ છીએ, તો તેની પાછળ આ તમામ આરોગ્યકર્મીઓની સેવા જ છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આન્ટી, આ મહિનામાં તો મારે હાથે મહેંદી ને હળદળ લગાવવાની હતી... જુઓને અત્યારે સેનેટાઈઝરવાળા હાથ કરી દિવસ પસાર કરું છું...!!

## મેડિકલ 'હેલ્પલાઈન ૧૦૪'ના કર્મચારીઓ પણ ૨૪x૭ ઓન ડ્યુટી

ગાંધીનગર, તા. ૧૫

સાહેબ, મને કોરોના થઈ ગયો હોય એવું સતત લાગ્યા કરે છે...સાહેબ, મને તાવ આવ્યો છે કે નહિં તે હું સતત ચેક કર્યા કરું છું...સાહેબ, કોરોના થઈ ગયો હોય અને તાવ-ખાંસી પણ ના આવે એવું બને ખરું?... આવા તો કેટ કેટલા ફોન કૉલ હવે હેલ્પલાઈન નં.૧૦૪ ઉપર આવી રહ્યા છે. રાજ્યનાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે કોરોનાને લગતા પ્રશ્નો માટે શરુ કરેલી આ હેલ્પલાઈનમાં ચિંતા, હતાશા અને તણાવનો ભોગ બનેલા વ્યક્તિઓનાં પણ કૉલ આવી રહ્યા છે. જો કે તેના માટે અલગથી હેલ્પલાઈન નં.૧૧૦૦ શરુ કરાયેલી છે તેમ છતાં આ ૧૦૪ નંબર પર કૉલ કરી આવે તો તેમને પણ સંતોષકારક જવાબ આપી જરુર જણાય તો ડિપ્રેશનનો ભોગ બનેલા આવા નાગરિકોને કોન્ફ્રન્સ કૉલ મારફતે નિષ્ણાંતો દ્વારા સાયકૉલૉજિકલ કાઉન્સિલિંગ કરવામાં આવી રહ્યુ છે.

ગુજરાતમાં કોરોના વાઈરસના પૉઝિટિવ દર્દીઓની સંખ્યા વધતાની સાથે શરુ થયેલા નકારાત્મક સમાચારો અને સોશિયલ મિડિયાના બિહામણા મેસેજીસને કારણે ઘણાં નાગરિકો ચિંતા અને હતાશાનો ભોગ બન્યા છે. રાજ્ય સરકારને ધ્યાને આવેલી આ બાબતને ગંભીરતાથી લઈને ખાસ હેલ્પલાઈન નં.૧૧૦૦ શરુ કરવામાં આવેલી છે. કોરોનાને લગતી માહિતી અને મદદ માટે કાર્યરત મેડિકલ હેલ્પલાઈન ૧૦૪માં પણ આવા ઘણા કૉલ આવી રહ્યા છે ત્યારે તેમને સંપૂર્ણ સંવેદનાથી સાંભળી હતાશ થઈ ગયેલા આવા વ્યક્તિઓનું અહીથી પણ સાયકૉલૉજિકલ કાઉન્સિલિંગ કરવામાં આવી રહ્યુ છે. રાજ્ય સરકારની સુચનાથી ય્હ્ન ઈસ્ઈં દ્વારા શરુ કરાયેલી આ ૧૦૪ હેલ્પલાઈન ખુબ જ અસરકારક સાબિત થઈ છે. માર્ચથી અત્યાર સુધીમાં એક લાખથી વધુ ફોન કૉલ આ હેલ્પલાઈન ઉપર આવ્યા છે.



હાલની સ્થિતીમાં જે રીતે ડૉક્ટર, નર્સિંગ સ્ટાફ, સફાઈકર્મી, પોલીસ ખડેપગે રહીને કામ કરી રહ્યાં છે એ જ રીતે હેલ્પલાઈન નંબર ૧૦૪ના કર્મચારીઓ પણ અવિરત ૨૪x૭ કામ કરી રહ્યા છે. આ હેલ્પલાઈન દ્વારા કોરોનાને લગતી માહિતી અને સૂચન મેળવી શકાય છે. રાજ્યમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધતા આ હેલ્પલાઈન પર કૉલ કરનારા લોકોની સંખ્યા પણ વધી ગઈ છે.

ય્હ્ન ઈસ્ઈંનાં મેનેજરે આ અંગે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે કોરોનાની મહામારી રાજ્યમાં ફેલાઈ નહોતી ત્યારે ૧૦૪ હેલ્પલાઈન પર દરરોજના ૨૦૦૦ થી ૨૩૦૦ કૉલ આવતા હતા. હવે કોરોનાને લીધે એ સંખ્યા વધીને ૧૫ હજારથી ૧૭ હજાર જેટલી થઈ ગઈ છે. વચ્ચે થોડા સમય માટે તો આ કોલ્સનો આંક વધીને ૨૦ હજાર ઉપર પહોંચ્યો હતો. રાજ્ય સરકારની ૧૦૪ હેલ્પલાઈન ઉપર ૫ મી માર્ચથી ૧૪ મે ૨૦૨૦ સુધી કુલ ૭,૧૭,૮૫૧ કૉલ આવ્યા છે જે પૈકી કોવિડ-૧૯ સંબંધિત ૧,૦૩,૮૧૫ કૉલ આવ્યા છે. જેમાંથી કોરોનાનાં સંભવિત લક્ષણો ધરાવતા હોય એવા કોલ્સ ૭૬૧૩ જેટલા આવ્યા છે. હાલમાં પ્રતિ દિન એવરેજ કોવિડ-૧૯ સંબંધિત કોલ્સ ૧૫૦૦થી વધુ આવે છે. તેવી જ રીતે ૧૧૦૦ હેલ્પલાઈન ઉપર ૩૦ મી માર્ચથી ૧૪મી મે સુધી કુલ ૧૯,૬૫૪ કૉલ આવ્યા છે જે પૈકી કોવિડ-૧૯ સંબંધિત ૧૯૩૧ કૉલ આવ્યા છે. ૩૩૧ને કાઉન્સિલિંગ અને ૪૪૯૩ને મેડિકલ એડ્વાઈઝ આપવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી



- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ આજે ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કોરોના સંક્રમણને લઈ ગ્રામીણ વિસ્તારમાં સઘન સર્વેલન્સ માટે કડક તાકીદ શાખાધિકારીઓની બેઠકમાં કરી હતી.
- ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે વારાહી માતાના મંદિરના પાટોત્સવની ઉજવણી મંદિરના પૂજારી દ્વારા તદ્દન સાદગીથી કરવામાં આવી છે.
- આજે જિલ્લામાં લોકડાઉનની સખ્તાઈને હળવી કરવાના તંત્રના નિર્ણયને લઈ લોકોએ રાહત અનુભવી છે.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરમાં શાકભાજી-ના લારીવાળાઓને હેલ્થકાર્ડ આપવાનો નિર્ણય કર્યો છે. જેમની દર સાત દિવસે તપાસ કરવામાં આવશે.
- રાજ્ય સરકારે નાણાંકીય પુનઃગઠન સહિતના આર્થિક પુનરૂત્થાનના પગલાં માટે નિમેલી સમિતિની આજે પ્રથમ બેઠક મળી હતી અને તેમાં ૨૦મી મે સુધી લોકો પાસેથી સૂચનો મેળવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા રોગ પ્રતિકારક શક્તિ વર્ધક અમૃતપેય આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ

કોરોના વાયરસના સંક્રમણથી બચી શકાય અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય તેવા હેતુસર ચિલોડા ગ્રામ પંચાયત અને સ્વયંસેવકોના સહકારથી ઘર આંગણે ઉગતી વનસ્પતિઓ જેવી કે તુલસી, અરડૂસી, લીમડાની છાલ, ફૂદીનો, ઘર વપરાતા મસાલા આદુ, મરી, અજમો, હરદળ, લવિંગ, લીંબુ અને ગોળ વગેરે સામગ્રીનો આયુર્વૈદિક ઉકાળા બનાવીને ગ્રામ પંચાયત કચેરી તથા ઘરે ઘરે જઈને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. હોમિયોપેથી દવાનું વિતરણ કર્યુ હતુ. કોરોના વાયરસ સંક્રમણથી બચવા આયુર્વૈદિક ઉકાળા બનાવવામાં સ્વયંસેવકો ગામના સરપંચ તથા અગ્રણી દિનેશભાઈ પટેલ, નટુભાઈ પટેલ વગેરે સેવામાં સહભાગી બની ગ્રામજનોને ઉકાળાનું સેવન કરવા સૂચન કર્યુ હતુ.

## ડભોડાની સીમમાં બેઠેલા ૮૦ વર્ષીય મહિલાને માસ્ક પહેરેલું જોઈ ડીડીઓ પ્રભાવિત થયા

ગાંધીનગર

ડભોડા ગામ એ વૃક્ષની નીચે બેસેલ લગભગ ૮૦ વર્ષની મહિલાને માસ્ક પહેરેલા જોઈને જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે સરપંચ અને તલાટી સાથે સાથે ગ્રામજનોની માસ્ક પહેરવા અંગેની જાગૃતિની પ્રસંશા કરી હતી. તેમજ સોનારડા ગામમાં જિલ્લા વિકાસ અધિકારીએ માસ્ક પહેર્યા વગરના ફરતા ત્રણ વ્યક્તિઓને સ્થળ પર જ દંડ ફટકારવા તલાટી કમ મંત્રીશ્રીને સૂચના આપી હતી.

ગાંધીનગર તાલુકાના કરાઈ, વલાદ, વીરા તલાવડી, વાંકાનેરડા, ગલુદણ, સોનારડા અને ડભોડા ગામોની મુલાકાત આજરોજ ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે લીધી હતી. તેમની સાથે તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલીયા પણ જોડાયા હતા.



આ તમામ ગામોની મુલાકાત દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે ગ્રામ્ય વિસ્તારમાં લોકડાઉનનો ચુસ્ત અમલ કરવા બાબતે સમીક્ષા કરી અને આ આ બાબતે સરપંચશ્રીઓ અને તલાટી કમ મંત્રી શ્રી ઓ એ કરેલ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. લોક ડાઉનનો અમલ થાય છે, પણ અમુક લોકો જે આ કાયદાનું પાલન કરતા નથી. તેઓને ગ્રામ પંચાયતે તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશને જાણ કરવી અને આગળ કાયદેસરના પગલાં ભરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. હાજરમાં રહેલ પોલીસ કર્મચારીઓને પણ લોકડાઉનનો ચુસ્ત અમલ થાય તે અંગે સુચના આપી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મેડિકલ ટીમો બનાવી આગામી બે દિવસમાં ગામના તમામ ઘરોમા આરોગ્ય સર્વેલન્સ પૂર્ણ કરવા હાજર રહેલ આરોગ્ય કર્મચારીઓને સૂચના આપી હતી. હોમ ક્વોરેન્ટાઈન વ્યક્તિઓની સરપંચશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી એ દૈનિક બે વખત રૂબરૂ મુલાકાત કરવી. મુલાકાત માટે રજીસ્ટર નિભાવવું અને મુલાકાત કર્યા અંગેનો અહેવાલ તાલુકા વિકાસ અધિકારી ગાંધીનગરને મોકલી આપવા પણ સૂચના આપી હતી.ગ્રામ પંચાયત દ્વારા ફરજિયાત માસ્ક પહેરવા અંગેના જાહેરનામાનો કડક અમલ કરાવવો.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વલાદ ગામે હોમ ક્વોરેન્ટાઈન કરેલ બે વ્યક્તિઓ સાથે અને ડભોડા ગામે એક વ્યક્તિ સાથે વીડિયો કોલિંગ થી વાતચીત કરી તેઓના ખબરઅંતર પૂછયા હતા. ગામોમાં નિયમિત રીતે સેનિટાઈઝેશન થાય તે માટે ગ્રામ પંચાયત અને નિયમિત આરોગ્ય સર્વેલન્સ થાય તે માટે સ્થાનિક આરોગ્ય તંત્ર ને સૂચના આપી હતી.

## જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના વેપારીઓ સાથે કલેકટર અને મ્યુનિસિપલ કમિશનરની બેઠક યોજાઈ

ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને આજરોજ ગાંધીનગર શહેરના શાકભાજી, કરિયાણા, ઘંટી અને દૂધ પાર્લરના વેપારીઓ સાથે કોરોના સંક્રમણ અટકાવવા માટેનું જરૂરી માર્ગદર્શન આપવા માટેની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં



ગાંધીનગર શહેરમાં કોરોના વાયરસના સંક્રમણના કેસમાં અચાનક વધારો થવાના કારણે જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ દવા, દૂધ અને મેડિકલ સેવા સિવાયની તમામ દુકાન બંધ રાખવા અને સંપુર્ણ લોક ડાઉન રાખવા માટેના આદેશ કરવામાં આવ્યા હતા. આ આદેશ બાદ કોરોના વાયરસના પોઝિટીવ કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. પાંચ દિવસના સંપૂણ લોક ડાઉનના કારણે લોકોની જીવન જરૂરિયાતની વસ્તુઓ માટેની હાડમારી ભોગવી ન પડે તે માટે તા. ૧૬મી મે, ૨૦૨૦થી કરિયાણા, અનાજ દળવાની ઘંટી, શાકભાજી જેવી આવશ્યક ચીજ વસ્તુઓનું વિતરણ શરૂ કરવામાં આવનાર છે.

આવશ્યક જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓના વિતરણ દરમ્યાન શાકભાજી, કરિયાણા અને અનાજ દળવાની ઘંટીના વેપારીઓને કોરોના સંક્રમણથી બચી શકે તેમજ આ મહારોગની બિમારી વધુ ન ફેલાય તે માટે શું તકેદારીના પગલા રાખવાના રહેશે. તેમજ તેમની અને તેમના પરિવારના કોરોનાના રોગથી તેઓ વેપાર સાથે કેવી રીતે બચાવી શકશે, તેની વિસ્તૃત માહિતી આપવા માટે એક ખાસ બેઠક કલેકટરશ્રી અને મહાનગર પાલિકાના કમિશનરશ્રીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

આ બેઠકના આરંભમાં કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, આપના વેપાર દરમ્યાન આપની અને ગ્રાહકની સુરક્ષા માટે સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે ખૂબ જરૂરી છે.

**મકાન વેચવાનું છે**

સે.૨૭, ગાયત્રીનગરમાં અંબાજી મંદિરના સાનિધ્યમાં, મોકાની જગ્યાએ, પાંચ રૂમ + સ્ટોર રૂમ + બે રસોડા + ત્રણ ટોઈલેટ + ઉપર ગેલેરી + પાછળ ખુલ્લી જગ્યા + આગળ મોટુ ફળિયું (માર્બલ ફ્લોરીંગ સાથે) + પાછળ એક વધારાના બાથરૂમ સાથેનું મકાન વેચવાનું છે.

M. 79846 50346

ઘરમાં રહો, સુરક્ષિત રહો
આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

૬૮ લાખથી વધુ NFSA તથા Non-NFSA BPL કાર્ડધારકોને સતત બીજા મહિને

**૧૭મી મે થી વિનામૂલ્યે અન્ન વિતરણ**





માસ્ક નહીં તો અન્ન નહીં

રાજ્યના ૩.૪૦ કરોડ લોકોને મે મહિનામાં મળવાપાત્ર અન્ન ઉપરાંત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વ્યક્તિદીઠ ૩.૫૦ કિ.ગ્રા. ઘઉં, ૧.૫ કિ.ગ્રા. ચોખા તથા કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ચણાનું વિનામૂલ્યે વિતરણ કરાશે

- અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા. ૧૭મી મે થી ૨૭ મે દરમ્યાન (૧૫ આંકડાના રેશનકાર્ડ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો) તે મુજબ અન્ન વિતરણના દિવસો નિર્ધારીત રહેશે. અમદાવાદ શહેરમાં અન્ન વિતરણની તારીખો હવે પછી જાહેર કરવામાં આવશે

| બુકલેટ નંબર : XXXXX XXXXX | NFSA (AAY+PHH) Card |
|---|---|
| રેશન કાર્ડ નં: | XXXXX XXXXX XXXX1 જન સંખ્યા XX |

અમદાવાદ શહેરમાં અન્ન વિતરણની તારીખો હવે પછી જાહેર કરવામાં આવશે

NFSA તથા Non-NFSA BPL રેશનકાર્ડ ધારકોના કાર્ડ નંબરમાં

છેલ્લા આંકડાનો નંબર ૧ હોય તેમને તા. ૧૭ મે
છેલ્લા આંકડાનો નંબર ૨ હોય તેમને તા. ૧૮ મે
છેલ્લા આંકડાનો નંબર ૩ હોય તેમને તા. ૧૯ મે
છેલ્લા આંકડાનો નંબર ૪ હોય તેમને તા. ૨૦ મે
છેલ્લા આંકડાનો નંબર ૫ હોય તેમને તા. ૨૧ મે
છેલ્લા આંકડાનો નંબર ૬ હોય તેમને તા. ૨૨ મે
છેલ્લા આંકડાનો નંબર ૭ હોય તેમને તા. ૨૩ મે
છેલ્લા આંકડાનો નંબર ૮ હોય તેમને તા. ૨૪ મે
છેલ્લા આંકડાનો નંબર ૯ હોય તેમને તા. ૨૫ મે
છેલ્લા આંકડાનો નંબર ૦ હોય તેમને તા. ૨૬ મે

વિનામૂલ્યે અન્ન વિતરણ કરવામાં આવશે. પરંતુ, અનિવાર્ય સંજોગોમાં જો કોઈ રહી ગયુ હશે તો તેઓ તા. ૨૭ મે ના રોજ અન્ન મેળવી શકશે

- રાજ્યભરમાં આવેલી ૧૭ હજાર જેટલી સસ્તા અનાજની દુકાનો પરથી NFSA (AAY+PHH) તથા Non-NFSA BPL રેશનકાર્ડ ધરાવનારને મે-મહિનાનું નિયમિત વિતરણ તથા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા. ઘઉં, ૧.૫ કિ.ગ્રા. ચોખા અને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ચણા વિનામૂલ્યે અપાશે.
- ગ્રાહકે પોતાનું રેશનકાર્ડ, આધારકાર્ડ/ ઓળખકાર્ડ સાથે રાખવું
- રેશનકાર્ડ ધારક પોતાના અંગૂઠા/ આંગળીની છાપ દ્વારા ઓળખ પ્રસ્થાપિત કરીને સમગ્ર રાજ્યમાં કોઈપણ સસ્તા અનાજની દુકાનેથી વિનામૂલ્યે અન્ન પુરવઠો મેળવી શકશે
- સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય-સુચારુ રીતે અન્ન વિતરણ થાય તેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા દુકાનદીઠ શિક્ષક, તલાટી કે ગ્રામસેવક, પોલીસ અને સ્થાનિક અગ્રણીની કમિટિ વ્યવસ્થા સંભાળશે

કોરોના વાયરસથી બચવા અન્ન મેળવતી વખતે માસ્ક જરૂર પહેરીએ તથા ખોટી ભીડ ન કરીએ અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત